CS (Main) Exam:2015

# GUJARATI

CS (Main) Exam:2015

## Paper II

## ( LITERATURE )

*Time allowed : **Three Hours***

*Maximum Marks : **250***

munotes.in

### QUESTION PAPER SPECIFIC INSTRUCTIONS

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Questions no. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

## SECTION A

**Q1.** નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) : *10×5=50*

(a) સાંઈઆંસે સબકુછ રીત હૈ, મુજ બંદે સે કછુ નાંહીં
રાઈકું પરબત કરે, પરબત બાગે જ માંરી. *10*

(b) કરાય શું નિષ્ફલ જ્ઞાન સર્વ આ
થનાર ચીજો નવ થાય અન્યથા. *10*

(c) સુખી હું તેથી કોને શું ? દુઃખી હું તેથી કોને શું ? *10*

(d) આદિત્યનો અસ્ત થતાં થાય છે અંધારું ધબ,
ફારબસ વિના એવી દુનિયા દેખાય છે. *10*

(e) અનેક ઉપમા, કઠિણ સંસ્કૃત ગદ્ય, પદ્ય પણ કપંહી એક;
સાહિત્ય સકલ તણી ચાતુરી તેહ માંહાં રચી વિવેક. *10*

**Q2.** નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક ચર્ચા કરો :

(a) આખ્યાનકૃતિ તરીકે પ્રેમાનંદનું ‘સુદામાચરિત્ર’. *20*

(b) ‘મારી હકીકત’ માં નર્મદની સચ્ચાઈ માટેની પ્રતિબદ્ધતા અને સર્જકતા. *15*

(c) ‘પૂર્વાલાપ’ ના ખંડકાવ્યોમાં માનવીની અફર નિર્યાતનું કારુલ્ય. *15*

**Q3.** સદષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો :

(a) ‘સરસ્વતીચંદ્ર-ભા. 1’ માં કથાસંકલના સાથે સર્જક ગદ્યશૈલીના ઉન્મેષો. *20*

(b) ‘ચંદ્રચંદ્રાવતી’ પદ્યવાર્તામાં વ્યક્ત થતી સર્જકની લાક્ષણિક મુદ્રા. *15*

(c) ‘રાઈનોપર્વત’ની વસ્તુસંરચના. *15*

**Q4.** નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો :

(a) રસનિષ્પત્તિની દષ્ટિએ ‘વસંતવિલાસ’ માં ઉદ્દીપન વિભાવ તરીકે પ્રકૃતિનું મહત્ત્વ. *20*

(b) ‘અખેગીતા’માં અખાની પ્રજ્ઞા અને પ્રતિભા પ્રગટે છે. *15*

(c) ‘કાદંબરી’નાં સ્ત્રીપાત્રો. *15*

munotes.in

## SECTION B

**Q5.** નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) : *10×5=50*

(a) વેઈટ ... એ બિટ્ ! ...
છેલ્લો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે. *10*

(b) તમને તો મોતની નવાઈ છે બાકી અમને તો –
જીવતરના નામનું નાઈને બેઠાં છીએ. આ પેલી નદીમાં
અત્યારથી જ દનની ત્રણ-ચાર ચેહો ભડભડતી
જોઈએ છીએ, એ ભેગી એક દન અમારીય. *10*

(c) 'ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની ...' *10*

(d) સ્વરાજ તે આપણા આત્માનું રાજ છે, એટલે કે
સ્વ-શાસન, આત્મ-શાસન, મનુષ્યનું પોતાની ઉપર પોતાનું રાજ. *10*

(e) તારાં અગણિત જઘન્ય દુષ્કૃત્યોનો ભાર વહેતો વહેતો તું
શતસહસ્ત્ર વર્ષો સુધી પૃથ્વી પરનાં દુર્ભેદ્ય વનોમાં સંગીહીન,
વાણીવિહીન, એકાકી નિર્માલ્ય પર્ણોની જેમ વાયુમાં ફેંકાતો રહેશે. *10*

**Q6.** સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો :

(a) ગુજરાતી જાનપદી નવલકથાના પ્રતિનિધિરૂપ નમૂના તરીકે 'માનવીની ભવાઈ'. *20*

(b) 'સૌરાષ્ટ્રની રસધાર-ભા. 1' નાં પાત્રોમાં વ્યક્ત થતાં ધીંગી ધરાનાં ખમીર અને સમર્પણભાવ. *15*

(c) વર્તમાન ભારત અને 'હિંદસ્વરાજ'ની પ્રસ્તુતતા. *15*

**Q7.** નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો :

(a) ઈતિહાસ અને કલ્પનાના સામંજસ્યથી 'પાટણની પ્રભુતા' માં દૃષ્ટે પડતી મુનશીની સર્જકપ્રતિભા. *20*

(b) 'ધ્વનિ' કાવ્યસંગ્રહમાં ગીતકવિ રાજેન્દ્રશાહની કવિત્વશક્તિ. *15*

(c) 'છિન્નભિન્ન છું' કાવ્યનો ધ્વનિ. *15*

**Q8.** સમીક્ષાત્મક નોંધ લખો :

(a) 'જનાન્તિકે' ના નિબંધોમાં કલ્પના, પ્રકૃતિ અને ચિંતન સંવેદનાપૂર્ણરીતે તાદશ થયાં છે. *20*

(b) 'કાવ્યની શક્તિ' ના લેખો કાવ્યકલા ઉપર પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રકાશ પાડે છે. *15*

(c) 'અશ્વત્થામા' – આધુનિક મનુષ્યનું સંવેદન. *15*

munotes.in